મોડાસાના મુસ્લીમ યુવકોના એસ.એન્ડ સી. ગ્રુપની ઈદે મિલાદ પર્વની અનોખી ઉજવણી

મોડાસા શહેરના લઘુમતિ કોમના યુવાનોના એસ.એન્ડ સી.ગ્રુપ દ્વારા ઈદેમિલાદ પર્વની ઉજવણીમાં ૮૫ કિલો સફરજનની ખરીદી કરી મોડાસા શહેરની બહેરામુંગા શાળાના બાળકો, બસ સ્ટેન્ડ વિસ્તારના પાછળના ભાગે રહેલી વિવિધ હોસ્પિટલોમાં સારવાર મેળવતા બાળકો અને દરદીઓ તેમજ કડીયાવાડા વિસ્તારમાં આવેલી બાળકોની હોસ્પિટલ અને શહેરના માર્ગો પર રહેલા ગરીબ લોકોને સફરજન વહેંચી અનોખી સેવાકીય પ્રવૃત્તિ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ગ્રુપના મેમ્બર ઈરફાન કોટવાલ સહિત મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર ઈલ્યાશ શેખની સેવાકીય પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. ગરીબ દર્દીઓને સફરજન આપી તેમને ઝડપથી સારા થવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી અમૃતમ્ યોજના હેઠળ મેઘરજમાં પ્રથમ વખત હૃદયરોગ કેમ્પ યોજાયો

મેઘરજ, તા.૧૨

મેઘરજ જેવા પછાત વિસ્તારમાં ડી.ડી.એમ.એમ. હાર્ટ ઈન્સ્ટીટયુટ, નડિયાદ તથા કાર્મેલાઈટ સિસ્ટર્સ ઓફ ચેરીટીના સંયુક્ત ઉપક્રમે મેઘરજમાં શાંતીદીપ કન્યા છાત્રાલય ખાતે શનિવારના રોજ મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત મફત હૃદયરોગનો ચેકઅપ કેમ્પ યોજાયો હતો, જેમાં એન્જીઓગ્રાફી, બાયપાસ, બાળકોમાં રહેલી જન્મજાત હૃદયમાં ખામી, તથા હૃદયના વાલ્વનું પ્રત્યારોપણ જેવા જટિલ ઓપરેશન માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના તથા મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજનાનું કાર્ડ ધરાવતા હોય તેવા દર્દીઓને સંપૂર્ણ મફત ઓપરેશન ડી.ડી.એમ.એમ. હાર્ટ ઈન્સ્ટીટયુટ, નડિયાદ ખાતે કરી આપવામાં આવશે. કાર્મેલાઈટ સિસ્ટર્સ ઓફ ચેરીટીની સિસ્ટર્સ દ્વારા મિતુલભાઈ ગાંધી તથા હોસ્પિટલના ડૉ. મેહતા, પ્રકાશભાઈ, જેમ્સ મેકવાનનું સ્વાગત કરાયું હતું. પછી ડી.ડી.એમ.એમ. હાર્ટ ઈન્સ્ટીટયુટ, નડિયાદના ડોક્ટર્સ, સ્ટાફ તથા મુખ્યમંત્રી અમૃતમ યોજનાના જીલ્લા કો-ઓર્ડીનેટર તથા મિતુલભાઈ ગાંધી દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. અને તેઓએ લાભાર્થીઓને મુખ્યમંત્રી અમૃતમ યોજનાની માહિતી આપી હતી,જેમાં જીલ્લાના ૧૨૦ લોકો એ સેવાનો લાભ લીધો હતો, જેમાંથી ૨૦ જેટલા વ્યક્તિને હોસ્પિટલ ખાતે વધુ તપાસ માટે હોસ્પિટલમાં બોલાવામાં આવેલ છે. આ કેમ્પને સફળ બનાવવા હોસ્પિટલ સ્ટાફ દ્વારા જીલ્લા કો-ઓર્ડીનેટર મિતુલભાઈ ગાંધી, કાર્મેલાઈટ સિસ્ટર્સ ઓફ ચેરીટી તથા આશા બહેનોને આ કેમ્પ ને સફળ બનાવવા માટે અભિનંદન આપ્યા હતા.

ફુડ પોઈઝનીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ રિસેપ્શનમાં સગા-સ્નેહીજનો, મિત્રો, ગ્રામજનો સહિત મોટીસંખ્યામાં મહેમાનો આવ્યા હતા.મહેમાનોએ ભોજનમાં દુધીનો હલવો, બાંસુદી, ફરસાણ સહિતની ચીજવસ્તુઓ આરોગી હતી. ત્યારબાદ અચાનક મહેમાનોમાં રાત્રીના ૧૨ કલાકની આસપાસ પેટમાં દુખાવાની ફરીયાદો ઉઠી હતી. ત્યારબાદ થોડીવારમાં એક પછી એક મહેમાનોને ઝાડ-ઉલ્ટી શરુ થતા ઉવાસસદ ખાતે દોડધામ મચી ગઈ હતી. દર્દીઓને તાત્કાલીક ૧૦૮ તેમજ ખાનગી વાહનોમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવારઅર્થે ખસેડાયા હતા. એક સાથે ૪૦૦ થી વધુ દર્દીઓ આવતા હોસ્પિટલમાં પણ ભાગદોડ મચી ગઈ હતી. જયારે રાત્રે ૧૨.૩૦ કલાકે ઘટનાની જાણ જિલ્લા આરોગ્ય તંત્રને ધ્યાને આવતા ચાર ડોકટરોની ટીમ ઉવારસદ ખાતે રવાના કરવામાં આવી હતી. અને સ્થળ પર જ ઓપીડી શરુ કરાઈ હતી. તે ઉપરાંત ૪ ડોકટરોની ટીમ ગાંધીનગર હોસ્પિટલ ખાતે પણ મદદ માટે આવી પહોંચી હતી. મહેમાનોને ખોરાકી ઝેરની અસર થયાનું માલુમ પડતા અન્ય પરિવારજનો મોટીસંખ્યામાં હોસ્પિટલ ખાતે દોડી પહોંચ્યા હતા. ફુડ પોઈઝનીંગની અસરમાં નાનાબાળકથી લઈ વયોવૃધ્ધ નાગરીક પણ આવી ગયા હતા. હોસ્પિટલમાં દર્દીઓને બીજા માળેથી લઈ આઠમાં માળ સુધી જ્યાં બેડ ખાલી હોય ત્યાં શીફટ કરીને સારવાર આપવામાં આવી હતી. ફુડપોઈઝનીંગની અસર પામેલા ૪૦૦ થી વધુ દર્દીઓએ કડી, કલોલ, રાંધેજા, સોલા, ગાંધીનગર હોસ્પિટલ સહિત અન્ય બે ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવી હતી. મળતી વિગત મુજબ ફુડ પોઈઝનીંગના કુલ ૪૩૧ દર્દીઓમાં જુદીજુદી ૧૦ હોસ્પિટલમાં સારવાર મેળવી છે. જેમાં ૧૯૫ ઈન્ડોર દર્દીઓ તરીકે અને ૨૩૩ નેઓપીડી સારવાર આપવામાં આવી હતી. હોસ્પિટલના જણાવ્યા અનુસાર ૫૬ દર્દીઓની સ્થિતિમાં સુધારો થતા તેમને રજા આપવામાં આવી છે.

જયારે અન્ય એક મહિલા દર્દીને અમદાવાદ વીએસ હોસ્પિટલ શીફટ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના સુત્રોના જણાવ્યા મુજબ તમામ દર્દીઓની તબિયત સ્થિર છે અને સુધારા પર છે. ઉવારસદ ખાતે ૭ ટીમોને સર્વેલન્સની કામગીરીની જવાબદારી સોંપવામાં આવી છે. તંત્ર દ્વારા ઘટનાની ગંભીરતાને લઈ બાસુંદી અને હલવાના નમુના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. દર્દીઓના ઝાડા-ઉલ્ટીના સેમ્પલ લેબોરેટરી ખાતે ટેસ્ટીંગ માટે મોકલી અપાયા છે. ત્યારબાદ સર્વેલન્સની કામગીરી દરમિયાન અન્ય કોઈ દર્દી નોંધાવા પામ્યા નથી.

આતંકવાદી દીઠ...● અનુસંધાન પહેલાનું ચાલુ

જમ્મુ-કાશ્મીર અમન ફોરમના નેતા સરદાર રઈસ ઈકબાલીએ કર્યો છે. તેના કહેવા અનુસાર પાકિસ્તાન સરકાર પોતે પણ આતંકવાદીઓને સપોર્ટ કરી રહી છે. તેણે પાકિસ્તાન સરકાર ઉપર એ પણ આરોપ લગાવ્યો કે તે એલઓસીના માધ્યમથી આતંકવાદીઓને એક કરોડ રૂપિયા આપી તેના બદલામાં તેમને આત્મઘાતી હુમલાવર બનાવે છે. પીઓકેમાં પાકિસ્તાન સરકારના દમનની વિરૂદ્ધ જે પ્રદર્શન ચાલી રહ્યા છે તે દરમિયાન તેણે પાકિસ્તાન સરકાર ઉપર આ આક્ષેપો કર્યા છે.

ચકાસણી થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રચાર અભિયાનને લઈ ઉમેદવારો હજુ અવઢવમાં છે. વોટ્સઅપ-ફેરણી પર વધુ ધ્યાન કેન્દ્રીત કરાશે તેમ મનાઈ રહ્યુ છે. સરપંચ પદ માટે ૯૬૭ અને વોર્ડના સભ્યપદ માટે ૩૧૦૦થી વધુ ઉમેદવારો મેદાનમાં છે. ૧૨ જેટલી પંચાયતો સમરસ બનવા માટે અગ્રેસર બની ચુકી છે અને બેઠકોનો ધમધમાટ વધુ ૮ જેટલી પંચાયતો સમરસ બને તો નવાઈ નથી.

ક્ષમતા બેવડાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં માણસા ખાતે સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે પરંતુ ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ નથી તેમજ જે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તેને ધ્યાને રાખી હાલની પથારીની ક્ષમતા બેવડી કરવામાં આવે તેવી શક્યતાઓ વધુ છે. જીએમઈઆરએસ સોસાયટીના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે કે આ બાબતે સોસાયટી વિચારણા જરૂર કરી રહેલ છે પણ નિર્ણય લેવાયો નથી. રાજ્યના આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી મળતા નિર્દેશો પ્રમાણે સોસાયટી દ્વારા જો આ અંગે વિધિવત્ દરખાસ્ત કરવામાં આવશે તો સરકાર સાનુકૂળ પ્રતિસાદ આપી તેને લીલી ઝંડી જરૂર આપશે.

ગાંધીનગર શહેરમાં આરોગ્યની સેવાઓ સઘન બને તે જરૂરી છે તેમજ હાલની હોસ્પિટલ સંકુલના જુના બિલ્ડીંગને તોડવામાં આવશે તે પછી થોડીક સંકડાશ પણ ઉભી થશે. આ ઉપરાંત પી.જી. શરૂ કરવામાં આવે તો થોડીક મોટી હોસ્પિટલ હોવી જરૂરી પણ છે. આ બધી પરિસ્થિતિને ધ્યાને રાખી આગામી માસના અંત સુધીમાં જીએમઈઆરએસ દ્વારા સરકારને દરખાસ્ત રજુ કરવાના ચકો ગતિમાન થશે તે નિર્વિવાદ હકીકત છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને વધુ આધુનિક સેવાઓ ઉપલબ્ધ બની શકશે. એટલુ જ નહિ પણ આરોગ્ય સેવાઓની સઘનતા પણ વધશે.

વરદા ટકરાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપથી ભારે પવનો ચાલી રહ્યા છે. નૌસેનાએ પોતાના ઓપરેશન મદદ માટે બે યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે અને આ યુદ્ધ જહાજો ઉપર મેડિકલ ટીમો, રાહત સામગ્રી જેમ કે કપડા, ધાબડા અને દવાઓ તૈયાર રાખવામાં આવી છે. તરવૈયાઓની ૨૨ ટીમો તૈયાર છે. સેનાની સાત ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી છે. તોફાનની સાથે અનેક વિસ્તારોમાં વિજળી પુરવઠો બંધ કરવામાં આવ્યો છે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બની શકે. તટીય વિસ્તારોમાં રહેતા લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. આવનારા સમયની અંદર ભારે વરસાદ વરસવાની સંભાવનાની વચ્ચે લોકોને તેમના ઘરમાં રહેવાની અપીલ કરવામાં આવી છે. હવામાન વિભાગે તટ સાથે વરદા ટકરાયા પછી તેનું જોર નબળું નહીં પડે તેમ કહ્યું છે. માછીમારોને ૪૮ કલાક સુધી સમુદ્રમાં માછીમારી કરવા ન જવા અંગે ચેતવણી આપવામાં આવી છે.

રાહુલ ગાંધી ૨૧મીએ મહેસાણામાં

નોટબંધી બાદ ગુજરાતમાં કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની પ્રથમ જાહેરસભાને લઈને દેશમાં ભારે ઉતેજના

અમદાવાદ, તા.૧૨

હું બોલીશ તો ભૂકંપ આવશે તેવું નોટબંધીના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર તેજાબી વ્યક્ત કરનાર કોંગ્રેસ પક્ષના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા. ૨૧મી ડિસેમ્બરના રોજ ગુજરાતની એક દિવસની મુલાકાતે આવશે અને બપોરે બે વાગે મહેસાણા ખાતે જાહેરસભાને સંબોધન કરશે.

નોટબંધીના મામલે વિપક્ષના આકરા વલણથી સંસદની કાર્યવાહી છેલ્લા કેટલાક દિવસોથી ઠપ્પ થઈ ગઈ છે. સંસદના સત્ર સમાપ્તિને હવે માત્ર ગણતરીના ત્રણ દિવસ બાકી રહ્યા છે. ત્યારે કેન્દ્ર સરકાર અને વિપક્ષ બન્નેમાંથી એક પણ નમતુ જોખવા તૈયાર નથી.

મોદી સરકાર અને વિપક્ષના આક્ષેપ પ્રતિ આક્ષેપના દોર વચ્ચે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ભારે તેજાવી વ્યંગ કરતા કહ્યું હતું કે વડાપ્રધાન શા માટે સંસદમાં નિવેદન કરતા નથી તેઓ સંસદમાં આવે તો દુધનું દુધ અને પાણીનું પાણી થઈ જશે. એટલું જ નહિ આ સંદર્ભમાં રાહુલ ગાંધીએ એવી પણ ગર્જના કરી હતી કે હું બોલીશ તો ભૂકંપ આવી જશે. રાહુલ ગાંધીના આ નિવેદન ઉપર અત્યારે સમગ્ર દેશના રાજકારણીઓ તથા મીડિયા નજર છે. ત્યારે નોટબંધીના નિર્ણય બાદ હવે રાહુલ ગાંધી પ્રથમવાર વડાપ્રધાન ગુજરાતમાં આવી મહેસાણા ખાતે ૨૧મી જાહેર સભાને સંબોધન કરશે ત્યારે આ જનસભામાં રાહુલ ગાંધીનું ભાષણ કેવો ધરતીકંપ લાવશે તે અંગે અત્યારથી જ ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

રાહુલ ગાંધીના મહેસાણાની જાહેરસભાના કાર્યક્રમની જાહેરાત બાદ કોગ્રેસના આગેવાનો તથા કાર્યકરોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે અને રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ માટે તમામ પ્રકારની તડામાર તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું પણ કોંગ્રેસના સુત્રોએ જણાવ્યું હતું.

પ્રાંતિજ તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ૨૭ ગામમાંથી સરપંચ માટે ૧૫૫ ફોર્મ ભરાયા

આવતીકાલે ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણી ૨૭ ગામોમાંથી ૧૫૫ ફોર્મ સરપંચ માટે ભરવામાં આવ્યા છે. જ્યારે આજે ૧૩-૧૨-૧૬ના રોજ ફોર્મ ચકાસણી થશે અને ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૧૪-૧૨-૨૦૧૬ આવતીકાલના રોજ છે. ત્યારે ખરેખર કેટલા ઉમેદવારો સરપંચ માટે દાવેદારીમાં મેદાનમાં રહેશે તે ખબર પડશે અને કેટલા ફોર્મ પરત ખેંચે છે તે પણ ૧૪મીની સાંજે સ્પષ્ટ થઈ જશે. જ્યારે ૨૭મી ડીસેમ્બરના રોજ પ્રાંતિજ તાલુકામાં પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી કે જેવો ચૂંટણી અધિકારી છે તેવોના અધ્યક્ષસ્થાને ચૂંટણી યોજાશે. જ્યારે આ વખતે પણ જ્ઞાતિવાદ જુથવાદ સ્થાનિક ચૂંટણીમાં અગ્રેસર રહે તો કોઈ નવાઈ નહી. ત્યારે ભાજપ-કોંગ્રેસ માટે પોતાના તરફી સરપંચો વિજયી બને તે દિશામાં રાજકિય પ્રયાસો હાથ ધર્યા છે. જ્યારે કાટવાડ ખાતે સરપંચની ફી.આ. સામાન્ય સીડમાં એક જ ફોર્મ ભરાયું છે તે બીનહરીફ થાય તો નવાઈ નહી, જ્યારે વોર્ડમાં ૨૩૪ સામે ૪૨૨ ફોર્મ ભરાયા છે.

પાલનપુર એરોમાં સર્કલ પાસે ડિવાઈડર પર ડમ્પર

પાલનપુરના એરોમા સર્કલ પાસે એક નજીવો અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પર ચાલકે કાબુ ગુમાવતા ડમ્પર ડિવાઈડર પર ચડી ગયું હતું. જોકે, સદનસીબે જાનહાની ટળી હતી.

સોનગઢ પાસે હિટ એન્ડ રનના બનાવમાં ૧નું મોત

પાલનપુર તાલુકાના સોનગઢ પાટિયા પાસે હિટ એન્ડ રન નો બનાવ બન્યો હતો. જેમાં એક ૫૦ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

સોનગઢ પાસે રિક્ષામાં બેસવા જઈ રહેલા રાહદારીને એક કાર ચાલકે અડફેટે લેતા તેને ગંભીર ઈજા થઈ હતી. જે ઈજાગ્રસ્ત મફાભાઈ સવાભાઈ માંગરોળા ઉ.૫૦, રહે.સોનગઢને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. જે રાહદારીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાના અહેવાલો વચ્ચે અકસ્માત બાદ કાર ચાલક ભાગી છૂટ્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

અરવલ્લી-સાબરકાંઠા સહિત ત્રણ જિલ્લાઓમાંથી ૪૯ ઘરફોડ ચોરીના ભેદ ઉકેલવામાં સફળતા

એક આરોપી ઝડપાયો, હજુ બીજા આઠ ફરાર આરોપીઓને ઝડપી લેવા પોલીસે કાર્યવાહી હાથ ધરી

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે સપાટો બોલાવીને અરવલ્લી-સાબરકાંઠા સહિત ત્રણ જિલ્લાઓમાં થયેલી ૪૯ ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલીને હજુ ફરાર આઠ આરોપીઓ ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

આજે મોડાસા ખાતે જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે જિલ્લાના ટ્રાયબલ વિસ્તાર શામળાજી અને ભિલોડામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં ઘરફોડ ચોરીની ઘટનાઓ વધી ગઈ હતી. જેમાં ચોર ઈસમો દ્વારા બંધ મકાનો, શાળા, ચર્ચ, બેંક, કો-ઓપ. સોસાયટી વગેરેમાં ચોરીઓને અંજામ આપવામાં આવ્યા હતા. જેમાં પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારાના મકાનમાં પણ ચોરીના ગુનાનો સમાવેશ થાય છે.

અરવલ્લી જિલ્લામાં ૩૩, સાબરકાંઠા જિલ્લામાં ૯ અને મહેસાણા જિલ્લામાં ૭ ચોરીને અંજામ આપવામાં આવ્યો હતો. ઉત્તર ગુજરાતના ત્રણેય જિલ્લામાંથી ૪૯ ચોરીના ગુનામાં ૧૦૦ તોલા સોના સહિત રૂ. ૫૦ લાખ સુધીની ચોરી કરવામાં આવી હતી. ચોરીઓના ગુનાઓ ઉકેલવા માટે જિલ્લા પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવી ભિલોડા સહિત અનેક જગ્યાઓએ બાતમીદાર રાખીને સઘન તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ભિલોડામાં એક શંકાસ્પદ વ્યક્તિ ચોક્કસ જગ્યાએ રેકી કરતો હોવાની બાતમીને આધારે મુખ્ય સુત્રધાર મુકેશ ફતાભાઈ ક્લાસવા (રહે. કાંકરાડુંગરા, તા. ખેરવાડા, જિ. ઉદેપુર, રાજસ્થાન)ને ઝડપી લઈ વધુ પૂછપરછ હાથ ધરી હતી.

ઝડપાયેલ આ શખ્સે તેણે કરેલા ૪૯ જેટલા ચોરીના ગુનાઓની કબૂલાત કરી હતી અને તેના આ કામમાં સંડોવાયેલા અન્ય આઠ ઈસમો હજુ પણ ફરાર હોઈ આ શખ્સોને ઝડપી લેવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જણાવ્યાનુસાર ઝડપાયેલ આ શખ્સ પોતે દિવસ દરમિયાન કડીઆકામ સહિત છૂટક મજૂરી કરી સોસાયટીઓ અને ગામડાઓમાં રેકી કરતો હતો અને રાત્રિ દરમિયાન તક મળે ચોરીને અંજામ આપતો હતો અને આરોપીએ જ જણાવ્યાનુસાર તેની સાથે અન્ય આઠ સાગરીતો પણ તેના કામમાં સંડોવાયેલા છે. રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના રહીશ તસ્કર ટોળકીને ઝડપી લેવા પોલીસે વધુ તજવીજ હાથ ધરી છે.

મોડાસા તાલુકાના ટીંટોઈ સબ માર્કેટ યાર્ડમાં મગફળીના ટેકાના ભાવે ખરીદ કેન્દ્રનો શુભારંભ કરાયો હતો. અરવલ્લી જિલ્લામાં ટીંટોઈ સબ માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદ કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના છઠ્ઠા ખરીદ કેન્દ્રનું ઉદ્‌ઘાટન જિલ્લા ભાજપા મહામંત્રી શામળભાઈ પટેલે શ્રીફળ વધેરી કર્યું હતું.

થરામાં ઈદે મિલાદનું ભવ્ય જુલુસ નીકળ્યુ

કાંકરેજ તાલુકાના થરા શહેરમાં મુસ્લિમ બિરાદરોમાં ઈદોની ઈદ ઈદમિલાદુન્નબી એટલે કે ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મહંમદ (સલ્લાલ્લા હુ અલયહિ વસલ્લમ)ના જન્મદિનને લઈ ભારે થનગનાટ સાથે ગઈકાલે સવારે ૧૦.૧૫ કલાકે ભવ્યાતિભવ્ય જુલુસ નીકળેલ જે જુનાગામ તળમાં આવેલ જુની મસ્જિદથી નીકળી જુના ગંજબજાર, પ્રજાપતિ વાસ, રાવળ વાસ, પટેલ વાસ, સદુભા પાટી, વાલીનાથ મહાદેવ મંદિર, નગરપાલિકા રોડ, શાકમાર્કેટ, ઓગડવિદ્યા મંદિર રોડ, તેરવાડીયા વાસ, વાઘરી વાડી થઈ પરત મસ્જિદે પહોંચી વિસર્જન પામેલ.

ઘ-૩ પાસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમસ્યારૂપ બન્યા છે. સેકટરોના રહેણાંક અને કોર્મશિયલ વિસ્તારમાં દબાણો વધતા દુવિધાઓ ઉભી થાય છે. જયારે ટ્રાફિકને લગતી સમસ્યાઓ પણ આમ નાગરિકો માટે હેરાનગતિનુ કારણ બને છે. વન આરક્ષિત જગ્યામાં પણ ગમે ત્યારે દબાણો ગોઠવાઈ જાય છે. દબાણોના લીધે ગંદકીનો પ્રશ્ન પણ જટીલ બને છે. શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ પર દબાણો અસ્તિત્વમાં આવતા સર્વિસ રોડ પર આડેધડ વાહનોનો ખડા કરી દેવાય છે. બીજીતરફ ખુલ્લી જગ્યાનો ઉપયોગ પણ વાહનોના પાર્કીંગ માટે થતો હોવાથી રીક્ષાઓ અને શટલીયા વાહનો ગમે ત્યાં ખડકી દેવામાં આવે છે. શહેરના પથિકાશ્રમ વિસ્તારમાં પેટ્રોલપંપ સામે સ્થિત એકસાઈડથી ફેન્સીંગ કરેલી ખુલ્લી જગ્યામાં લાંબા સમયથી શટલીયા વાહનોનુ સ્ટેન્ડ ઉભુ થયુ હતુ. જયારે વાહનોની સાથે કેટલાક દબાણો પણ ઉભા થતા ગંદકીનો પ્રશ્ન પણ ઉઠવા પામ્યો હતો. જેને અનુલક્ષી આજે તંત્ર દ્વારા આ વિસ્તારમાં ફેન્સીંગ કરવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. જેના પરિણામે ઘ -૩ પાસેના આ વિસ્તારમાં ઉદભવેલી સમસ્યાને ડામવા માટે હવે ખુલ્લી જગ્યામાં બન્ને બાજુ ફેન્સીંગ થઈ જતા દબાણ અને ગંદકીની સમસ્યા હલ થશે તેમ પણ મનાઈ રહયુ છે.

શ્રેણી જીતી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બન્યો છે. ભારતીય બોલરોમાં હવે માત્ર ટીમ ઈન્ડિયા કોચ અનિલ કુંબલે અશ્વિનથી આગળ છે. કુંબલેએ આઠ વખત ૧૦ અથવા તો ૧૦થી વધુ વિકેટ તેના કેરિયરમાં મેળવી હતી. બીજી તરફ આજે ભારતે મેચ જીત્યા બાદ મોટી સંખ્યામાં હાજર રહેલા દર્શકોનો આભાર માનતા કેપ્ટન કોહલીએ મેદાનમાં લેપ ઓફ ઓનર લગાવી ભારત તરફથી વર્તમાન શ્રેણીમાં કોહલી ૧૨૮ની સરેરાશથી ૬૪૦ રન બનાવી ચુક્યો છે જ્યારે અશ્વિન આ સિરીઝમાં ૨૩૯ રન બનાવવા ઉપરાંત ૨૭ વિકેટ ઝડપી ચુક્યો છે. યુવા જયંત યાદવ પણ બે મેચમાં ૨૨૧ રન બનાવી નવ વિકેટ મેળવી ચુક્યો છે. ચેતેશ્વર પુજારાએ ૩૮૫ રન બનાવ્યા છે જ્યારે મુરલી વિજયે ૩૨૮ રન બનાવ્યા છે. રવિન્દ્ર જાડેજાએ પણ ૧૬ વિકેટ લઈ ઉપયોગી યોગદાન આપ્યું છે. સુકાની કોહલીએ આજની મેચ જીતી સતત ૧૭ ટેસ્ટમાં અપરાજિત રહેવાના કપિલ દેવના વિક્રમની બરાબરી કરી છે.

લાયન્સ ક્લબ દ્વારા યુથ સર્વિસ પ્રોજેક્ટ કાર્યક્રમ યોજાયો

લાયન્સ ક્લબ મોડાસા દ્વારા સેન્ટેનિયલ સર્વિસ પ્રોજેક્ટ અંતર્ગત સ્કૂલના બાળકોને ડાયાબીટીશ અવેરનેસ બ્લડગ્રુપ ટેસ્ટીંગનો કાર્યક્રમ યોજાયો હતો. તાલુકાની ફરેડી પ્રા. શાળા તથા રવિપુરા કંપા પ્રા. શાળા ખાતે યોજાયેલા પ્રોજેક્ટમાં શાળાના અંદાજીત ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશ જયસ્વાલ, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પટેલ, નવીનભાઈ પટેલ તથા શાળા પરિવાર શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા.

ઓપરેશન સંપન્ન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાળા નાણાંને સફેદ કરવાના આ કૌભાંડમાં ભાગ ભજવ્યો છે. નોંધનીય છે કે પાછલા ૨ દિવસમાં જ વિવિધ બેંકોમાં ચાલતા આ ગોરખધંધા પર રેડ પાડવામાં આવી છે અને આવી રેડમાં ૨૦૦ કરોડ જેટલી રકમ જપ્ત કરાઈ છે. સરકારના આ સ્ટિંગ ઓપરેશનમાં મેટ્રો તેમજ નાના શહેરીની બેંકોની શાખાઓનો પણ સમાવેશ કરાવામાં આવ્યો છે. ૮ નવેમ્બરથી આર્થિક કટોકટી જેવી સ્થિતિનો સામનો કરી રહેલી સામાન્ય જનતાને વડાપ્રધાન મોદીએ ખુદ ૩૦ ડિસેમ્બર સુધી મુશ્કેલી સહન કરી સાથ આપવાની અપીલ કરી હતી. તેમજ સુપ્રીમ કોર્ટમાં પણ તાજેતરમાં સરકાર જણાવી ચુકી છે કે નોટબંધીથી ઉભી થયેલી રોકડની અછત વધુમાં વધુ આગામી ૧૫ દિવસ સુધી રહેશે ત્યારબાદ સ્થિતિ સામાન્ય થઈ જશે.